પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૦૯ | ૯ ઓક્ટોબર, ૨૦૨૨, રવિવાર; આસો સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પેસેન્જર બસમાં ભીષણ આગ : ૧૧નાં મોત

### નાસિકમાં ભયાનક દુર્ઘટના ઘટી, દુર્ઘટનામાં મોતનો આંકડો વધી શકે છે : માહિતી મુજબ દુર્ઘટનામાં ઘણા લોકો દાઝી ગયા હોવાના અહેવાલ



નાસિક,તા.૮

મહારાષ્ટ્રના નાસિકમાં ભયાનક દુર્ઘટના ઘટી છે. અહીં એક બસમાં આગ લાગવાથી લગભગ ૧૧ લોકોના મોત થઈ ગયા છે. પોલીસે જણાવ્યું છે કે, આ દુર્ઘટના શુક્રવારે રાતે થઈ છે. હાલમાં ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. આશંકા છે કે, દુર્ઘટનામાં મોતનો આંકડો વધી શકે છે. નાસિક પોલીસે દુર્ઘટનામાં કેટલાય લોકોના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરી છે. અમુક મીડિયા રિપોર્ટ્સમાં તો એવો દાવો કરવામાં આવ્યો છે કે, પેસેન્જર ભરેલી બસ પલ્ટી ગઈ હતી. જે બાદ આગ લાગી ગઈ હતી. પોલીસે કહ્યું કે, ડોક્ટર્સની પુષ્ટિ સાથે હજૂ પણ મોતનો અસલી આંકડો જાણવાની કોશિશ થઈ રહી છે. અહીં ઉલ્લેખનિય છે કે, દુર્ઘટનાનો શિકાર થયેલી આ બસમાં ૩૦થી વધારે પેસેન્જર બેઠેલા હતા. લગભગ ૧૧ લોકોના મોત બાદ પણ કેટલાય લોકો અંદર ફસાયેલા હતા. જેમને બહાર કાઢવા માટે બચાવ કાર્ય ચાલી રહ્યા છે. આ બાજૂ ફાયર વિભાગની ગાડી આગ પર કાબૂ મેળવવાની કોશિશમાં લાગી ગઈ હતી. આ અકસ્માત નાશિક-

● અનુસંધાન પાન-૭ પર

## યુરોપમાં કોરોનાએ ફરી માથું ઊંચક્યું, કેસ ૧૫ લાખને પાર

### કોરોનાના કેસ ઘટતા જનજીવન થાળે પડી રહ્યું છે : ૨૭ દેશોની સાથે બ્રિટેનની હોસ્પિટલમાં પણ દર્દીઓની સંખ્યામાં સતત વધારો

નવી દિલ્હી, તા.૮

વિશ્વભરમાં ફેલાયેલી કોરોનાની મહામારીને લઈને દુનિયાના લગભગ તમામ દેશોમાંથી કોરોનાના કેસ ઘટતા જઈ રહ્યાં હતા, ધીમે ધીમે જાણે લોકોની ગાડી પટરી પર આવી રહી હતી. પરંતૂ હવે વાતાવરણ અને ઋતુ બદલાતા યૂરોપમાં જેમ જેમ ઠંડી પડી રહી છે તેમ તેમ એક નવી કોવિડની લહેરનો ખતરો પણ મંડળાઈ રહ્યો છે.

સ્વાસ્થ્ય વિશેષજ્ઞોએ ચેતવણી આપી છે કે, હાલમાં જે વેક્સિનના પ્રકાર પર ભ્રમની સ્થિતિ સંભવિત રૂપથી બૂસ્ટર ડોઝને સીમિત કરી દેશે.

ઓમિક્રોન સબવેરિએન્ટ બીએ.૪ અને બીએ.૫ ગરમીમાં હાવી થઈ ગયા હતા. હવે ચિંતાની વાત એ છે કે, નવા સબવેરિએન્ટ સામે આવવા લાગ્યા છે.

ડબલ્યુએચઓ ના અધિકારીઓએ કહ્યું છે કે, વૈજ્ઞાનિકો ઓમિક્રોનના નવા સ્વરુપો પર નજર રાખી રહ્યાં છે. ડબલ્યુએચઓના આંકડા પ્રમાણે યૂરોપમાં ૧૫ લાખ સુધી કેસ પહોંચી ગયા છે. ૨૭ દેશોની સાથે સાથે બ્રિટેનની હોસ્પિટલમાં પણ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. એક સ્વતંત્ર સાઈંટિફિક ફાઉંડેશન ગિમ્બેના આંકડાના અનુસાર ૪ ઓક્ટોબરે, ઈટલીમાં કોવિડ ૧૯ ના કેસ ૩૨% વધી ગયા છે. જ્યારે આઈસીયુ માં એડમિટ થનારાઓના કેસમાં પાછલા અઢવાડિયાની તુલનામાં ૨૧% વધ્યા છે. જ્યારે બ્રિટેનમાં હોસ્પિટલમાં દાખલ થનારાઓની સંખ્યા ૪૫% વધી છે.

યુરોપમાં ઓમિક્રોન પર અસરકારક રસી



સપ્ટેમ્બરમાં લોન્ચ થઈ ગઈ હતી. જે બીએ.૧ અને બીએ.૪/૫ પર અસરકારક હતી. તો યુકેમાં, માત્ર બીએ.૧ અસરકારક રસીઓ મંજૂર કરવામાં આવી હતી. યુરોપિયન અને બ્રિટિશ અધિકારીઓ ફક્ત વૃદ્ધો અને નબળી રોગપ્રતિકારક શક્તિવાળા લોકો માટે નવા બૂસ્ટર શોટ્સને સમર્થન આપી રહ્યા છે.

આ વચ્ચે બ્રિટિશ અધિકારીઓએ ગયા અઠવાડિયે ચેતવણી આપી હતી કે, ફલૂનો ફેલાવો અને કોવિડ-૧૯નું પુનરાગમન પહેલાથી જ સામનો કરી રહેલી રાષ્ટ્રીય આરોગ્ય સેવા પર વધુ દબાણ લાવી શકે છે.

## કર્ણાટકમાં SC/ST અનામત વધારવા નિર્ણય

**વિધાનસભાની ચૂંટણી પહેલાં કર્ણાટકમાં ભાજપનું પગલું : કર્ણાટકરની સરકારે આ નિર્ણય જસ્ટિસ એચ.એન. નાગમોહન દાસ કમિશનનો અહેવાલને અનુલક્ષીને લીધો**

બેંગલુરૂ, તા.૮

કર્ણાટકની ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સરકારે વિધાનસભા ચૂંટણીના થોડા મહિના પહેલા એક મોટું પગલું ભર્યું છે. રાજ્ય સરકારે બંધારણીય સુધારા દ્વારા રાજ્યમાં અનુસૂચિત જાતિ અને જનજાતિ (એસસી/એસટી) ની અનામત વધારવાનો નિર્ણય કર્યો છે. સરકારે આ નિર્ણય જસ્ટિસ એચ.એન. નાગમોહન દાસ કમિશનનો અહેવાલને અનુલક્ષીને લીધો છે. આ અહેવાલમાં એસસી માટેની અનામતને ૧૫ ટકાથી વધારીને ૧૭ ટકા અને એસટી માટેની અનામતને ૩ ટકાથી વધારીને ૭ ટકા કરવાની ભલામણ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈએ એક સર્વપક્ષીય બેઠકની અધ્યક્ષતા કર્યા બાદ આ જાહેરત કરી હતી. આ બેઠકમાં કોંગ્રેસ અને જનતા દળ (એસ)ના નેતાઓએ પણ ભાગ લીધો હતો. તેમણે કહ્યું હતું કે, વસ્તીના આધારે એસસી/એસટી સમુદાયો માટે આરક્ષણની લાંબા સમયથી માંગણી કરવામાં આવી રહી છે. 'જસ્ટિસ નાગમોહન દાસ કમિશનની ભલામણઓ ઉપર આજે સર્વપક્ષીય બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી અને તેને મંજૂરી આપવામાં આવી હતી. આ અગાઉ અમારી પાર્ટી (ભાજપ)માં આ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ચર્ચામાં એસસી/એસટીના કલ્યાણ માટે અમારી પ્રતિબદ્ધતા જાળવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. શનિવારના રોજ કેબિનેટની બેઠક બોલાવવામાં આવશે અને તેમાં આ અંગે ઔપચારિક નિર્ણય લેવામાં આવશે.

બોમ્માઈ સરકાર ઉપર કમિશનના અહેવાલોને લાગુ કરવા માટે એસસી/એસટી સાંસદો તરફથી ભારે દબાણ હતું. આ સાથે વાલ્મિકી ગુરૂપીઠના આચાર્ય પ્રસન્નાનંદ સ્વામી પણ એસટી રિઝર્વેશન મર્યાદા વધારવાની માંગણી સાથે ભૂખ હડતાલ ઉપર છે. વિપક્ષી પાર્ટીઓ ખાસ કરીને

કોંગ્રેસ રાજ્ય સરકાર ઉપર કાર્યવાહી કરવામાં વિલંબને લઈને આકરા પ્રહારો કરી રહી છે. પંચે જુલાઈ ૨૦૨૦માં સરકારને પોતાની ભલામણો આપી હતી.

## ભારતીય વાયુસેનામાં મહિલા અગ્નિવીરોની ભરતીનું એલાન

નવી દિલ્હી, તા.૮

સમગ્ર દેશમાં આજે વાયુસેના દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આ અવસરે બે મોટા એલાન કરવામાં આવ્યા છે. જેમાં પહેલુ એલાન એ છે કે ભારતીય વાયુસેનામાં એક નવી 'વેપન સિસ્ટમ બ્રાંચ'ને બનાવવામાં આવશે. આ સિવાય બીજુ એલાન એ કરવામાં આવ્યુ છે કે આગામી વર્ષથી મહિલા અગ્નિવીરોને ઈન્ડિયન એરફોર્સમાં સામેલ કરવામાં આવશે.

એર ફોર્સ ડેના અવસરે શનિવારે ભારતીય વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ વિવેક રામ ચૌધરીએ આ બંને એલાન કર્યા છે. ચંદીગઢમાં વાયુસેના દિવસના અવસરે ફુલ ડે રિહર્સલ કરવામાં આવી રહ્યુ છે.

## બિહારમાં નરભક્ષી વાઘને સાત કલાકના ઓપરેશન બાદ શૂટ કરાયો

**વાઘે જંગલમાંથી બહાર આવી કહેર વર્તાવ્યો હતો : વન વિભાગ-બગાહા પોલીસની ટીમ દ્વારા ઓપરેશન**

નવી દિલ્હી, તા.૮

વાલ્મિકી ટાઈગર રિઝર્વના



જંગલમાંથી બહાર આવીને નરભક્ષી વાઘ નજીકના ગામડાઓમાં લોકોને પોતાનો શિકાર બનાવનાર નરભક્ષી વાઘના આંતકનો અંત આવ્યો છે.

ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડને નરભક્ષી વાઘને મારવા માટે શૂટર્સની એક ટીમ પણ બનાવી હતી. શુક્રવારની સાંજથી ઓપરેશન ટાઈગરને શોધવાનું કામ શરુ થયુ હતુ. પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ અરવિંદ ચૌધરીએ આ માહિતી આપી છે. કહેવામાં આવી રહ્યું છે કે,વન વિભાગ અને બગાહા પોલીસની ટીમ આ ઓપરેશનને અંજામ આપ્યો છે. લગભગ ૭ કલાકના રેસ્ક્યુ ઓપરેશન પછી શનિવારે બિહાર પોલીસના શૂટરોએ આ નરભક્ષી વાઘને મારી નાખ્યો હતો. બગાહા વિસ્તારમાં આતંકનો પર્યાય બની ગયેલી આ આદમખોર વાઘ આજ સુધી કોઈ કાબૂમાં આવ્યો નહોતો. જે બાદ આખરે વન પર્યાવરણ વિભાગે વાઘને મારવાની સૂચના આપી હતી. હાથીઓની મદદથી આ વાઘની શોધ ચાલી રહી હતી. આ નરભક્ષી વાઘને લઈને ગ્રામજનોમાં ડર અને આંતકનો માહોલ હતો. ગ્રામજનો દ્વારા પણ વન વિભાગ સામે એકત્ર થઈને વિરોધ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન, સ્થાનિક રહેવાસીઓમાં નારાજગીને જોતા, નરભક્ષી વાઘને મારી નાખવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

## નોઈડામાં નુપુર પર ચર્ચા કરતા ભાજપના કાર્યકર પર હુમલો

નવી દિલ્હી, તા.૮

નુપુર શર્માના નિવેદન બાદ તેમના સમર્થકો પર એક પછી એક હુમલાના અહેવાલો સામે આવી રહ્યા છે. ઉત્તર પ્રદેશના નોઈડા સેક્ટર-૪૪માં નુપુર શર્મા વિશે ચર્ચા કરવુ એક બીજેપી કાર્યકર્તાને ભારે પડ્યુ હતુ. હકીકતમાં, જ્યારે તે મિત્રો સાથે નૂપુર શર્માના નિવેદનનું સમર્થન કરનારા લોકો પર હુમલા વિશે ચર્ચા કરી રહ્યો હતો, ત્યારે અન્ય સમુદાયના ૧૨ લોકોએ તેના પર પાછળથી જીવલેણ હુમલો કર્યો હતો. આ ઘટનામાં ઘાયલને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.

પીડિત યુવક અભિષેક રાઠોડે જણાવ્યું કે, તે શુક્રવારે રાત્રે ૧૧ વાગે નોઈડા સેક્ટર-૪૪ના માર્કેટમાં મિત્રો સાથે ઊભો હતો. તે દરમિયાન તે લોકો નૂપુર શર્માના નિવેદનનું સમર્થન કરનારાઓ પર હુમલાની ચર્ચા કરી રહ્યા હતા. ત્યારે તેની વાત ત્યાં ઉભેલા અન્ય સમુદાયના લોકોએ સાંભળી અને અચાનક તેના પર તૂટી પડ્યા હતા. ખૂબ માર્યા પછી તેણે કહ્યું, 'સર તન સે જુડા'. ત્યારબાદ તેઓ ત્યાંથી ભાગી ગયા હતા. આ હુમલામાં કુલ ૧૨ લોકો સામેલ હતા. અભિષેકે જણાવ્યું કે, જ્યારે હુમલાખોરો બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે તેઓ વારંવાર '...સર તન સે જુડા' કહી રહ્યા હતા. તેમાંથી બે લોકોના નામ મને યાદ છે, અમજદ અને રશીદ. પીડિતાએ પોલીસ પર એવો પણ આરોપ લગાવ્યો કે, પોલીસ કેસ કર્યા બાદ પણ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

**તાત્કાલિક પ્લોટ વેચવાનો છે**

તાત્કાલિક પ્લોટ વેચવાનો છે. ૬૬૦ ચો.વાર, અનંત ડ્રિમ્સ, મહુડીથી ૯ કિ.મી. પહેલા વાડીલાલ સામે.

મો. ૯૭૨૪૩૫૦૭૫૦
મો. ૯૩૨૬૨૨૮૫૮૨




